

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*‘દેવાં માફ કરો’ એ તો ચોખ્ખી માલ્યાગીરી છે,*
*‘પાટીદાર અનામત’ ચોખ્ખી દાદાગીરી છે.*
*છે અંગત વહેવાર બેન્કની લેતી-દેતી -*
*મોટા સમાજની, ‘મત’ માટે સોદાગીરી છે..*
*(બધા ઉજળિયાત સમાજમાં ગરીબો પણ જીવે જ છે ને!!)*

### હાઈકુ

*કોને પુછ્યું તું ?*
*લોન લૈ ‘પાક’ ખાધો -*
*ને થવું માલ્યા ?!*

*સૌએ સમાન,*
*અનામત શું કામ ?!*
*જરા વિચારો !!*

### ચિંતન

**માયા બસ્ય જીવ અભિમાની, ઈસ બસ્ય માયા ગુના ખાની ।**
**પરબસ જીવ સ્વબસ ભગવંતા, જીવ અનેક એક શ્રીકંતા,**
**મુધા ભેદ જદ્યપિ કૃત માયા, બિન હરિ જાઈ ન કોટિ ઉપાયા ॥**

**ઉપરોક્ત સાખી ‘રામચરિત માનસ’માંથી લેવામાં આવેલ છે.**

**માયાવશ હોવાથી જીવ અભિમાની હોય છે અને ઈશ્વરવશ હોવાથી માયા સત્વાદિ ત્રણ ગુણોની ખામ છે. જીવ પરાધિન (માયાને આધીન) છે અને ભગવાન સ્વતંત્ર છે. કોઈના વશમાં નથી. શ્રીપતિ એક છે અને જીવ અનેક છે. જોકે માયાકૃત ભેદ અસત્ય છે. તો પણ ભગવાનની કૃપા વિના કરોડો ઉપાય કરવા છતાં એ ભેદ જતો નથી.**

**માયા ઈશ્વરનું જ સર્જન છે એમાં સત્ત્વ, રજસ, તમસ ગઉમ છે જ તમારી પ્રકૃતિ જન્મજાત સંસ્કારથી કયા ગુણને મહત્ત્વ આપે છે એ તમારા મન-હૃદય-આત્માને જ નક્કી કરવાનું છે. અનેકના કર્મો - અને તેમાં સારાં-માઠાં પરિણામે માયાને ઓળખવામાં ભૂલ થાપ થઈ જાય છે. ઈશ્વર માયાથી ભિન્ન-સ્વતંત્ર છે માયા ઈશ્વરાધીન છે.**

### સુવિચાર

- યુવાનો પાસે પાંખ છે તો વૃદ્ધો પાસે આંખ છે... માત્ર પાંખથી લક્ષ્યસિદ્ધિ કદી થતી નથી - **ઘર્મલોક**
- આનંદ લૂંટ લે બન્દે, પ્રભુ કી બંદકી કા, ના જાને કબ છૂટ જાયે, સાથ જિંદગી કા - **આચાર્ય વાત્સલ્યદીપ**
- આપણે મૃત્યુના ભયને, આપીએ તિલાંજલિ,
  ભગવાનની ભક્તિ કરી, પામીએ પુષ્પાંજલિ - **સાધુ પ્રેમવત્સલદાસજી**
- કુસંસ્કારોનો હુમલો થાય ત્યારે કુવિચારો રોકતાં નથી, માટે ધર્મ કરો - **બોધિ વૃક્ષ**
- કર્મ અને ઉદ્યમ એ બે કારણ બળવંત થયાં, તો પછી ધન ઉપાર્જન કરતાં શી વાર લાગે - **વિચારદીપ**
- મેઘનું પાણી, ચંદ્રમાનો પ્રકાશ, ઝાડનાં ફળો અને સત્પુરુષોની કમાણી આ ચાર તમામ લોકોના કામમાં આવે છે - **જન કલ્યાણ**
- આજનું ઔષધ : બાળકોનું વજન વધારવા હુંફાળા દૂધમાં એક ચમચી ગાયનું ઘી ઉમેરી આપવું.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક માણસ બાયોસ્કોપમાં લોકોને ફિલ્મ દેખાડતો હતો. એકવાર ચાર રસ્તા પર બે અલગ કોમના વ્યક્તિઓ વચ્ચે જોરદાર ઝઘડો ચાલતો હતો. આ માણસ ત્યાં બાયોસ્કોપ લઈને ગયો. અને કહ્યું, ‘ભાઈઓ, ઝઘડો નહીં આ બાયોસ્કોપમાં ફિલ્મ જુઓ.’ પહેલા એક જુઓ અને પછી બીજો વ્યક્તિ જુએ એમ બાયોસ્કોપ વાળાએ નક્કી કર્યું. બાયોસ્કોપવાળાએ પહેલાં વ્યક્તિને પૂછ્યું, ‘બોલો તમે શું જોવા માંગો છો ?’ પેલાએ કહ્યું, ‘સ્વર્ગ લોક’ બાયોસ્કોપ વાળાએ પેલાને ફિલ્મ બતાવી અને પૂછ્યું બોલો શું જોયું ?’ પેલાએ કહ્યું, ‘ભગવાન ખૂબ વ્યસ્ત છે. તેઓ સ્વર્ગમાં પોતાની મરજી મુજબ વિવિધ માણસોને ઘડી રહ્યા છે.’ હવે બીજી વ્યક્તિને બાયોસ્કોપ બતાવ્યું અને પૂછ્યું, ‘બોલો તમે શું જોયું ?’ બીજા માણસે કહ્યું, ‘મને તો પૃથ્વી પરના સુંદર મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારાઓ અને ચર્ચ દેખાઈ રહ્યા છે. એમાં અનેક લોકો બેઠા છે.’ ‘બાયોસ્કોપ વાળાએ પહેલાને પૂછ્યું, ‘તમને સ્વર્ગલોકમાં કેટલા ભગવાન જોવા મળ્યા ?’ પહેલાએ જવાબ આપ્યો ‘ભગવાન તો એક જ હતા, મનુષ્યની આકૃતિઓ અનેક હતી.’ બાયોસ્કોપવાળાએ બીજાને પૂછ્યું, ‘તમે મંદિર, મસ્જિદમાં શું જોવા મળ્યું.’ બીજાએ કહ્યું, ‘ત્યાં ભાત ભાતના લોકો છે અને બધા પોતપોતાના ભગવાન બનાવી રહ્યા હતા.’ બાયોસ્કોપએ કહ્યું, ‘બસ, આ જ ઝઘડાનું મૂળ છે. આ પૃથ્વી પર માણસ પોતપોતાના ભગવાન બનાવી કાઢે છે, જયારે એ સમજતો નથી કે આપણા સૌને બનાવનાર પરમપિતા એક જછે. બાયોસ્કોપવાળાની વાત ગળે ઉતરતા પેલા બેવ એકબીજાની માફી માંગી ચાલતા થયા.’

# અજેય અને અટલ ભારત

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીના સમાપન પ્રવચનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની લાક્ષણિક વિશેષતા સૂચવતું નવું ચૂંટણી સૂત્ર વહેલું મૂક્યું છે : ‘અજેય ભારત, અટલ ભારત.’ અજેય એટલે જેના પર વિજય ન મેળવી શકાય, જેને હરાવી ન શકાય તેવું. ખાસ કરીને આ સૂત્ર દેશના યુવા મતદારોને વિશેષ આકર્ષશે. ભારતીય જનતા પાર્ટીએ પાકિસ્તાન અને ચીન જેવા પાડોશી રાષ્ટ્રો સામે ભારતને મજબૂત સ્થિતિમાં મૂકી દીધું હોવાનું ગાણું તો ઘણું વહેલું શરૂ કરી દીધેલું - છેક કારગીલ યુદ્ધમાં મેળવેલા વિજય સુધી એનો દોર લંબાય છે. પરંતુ હવે એમાં અટલજી ઉમેરાયા છે. ખરું પૂછો તો કારગીલ યુદ્ધમાં ભારતીય સૈન્યને ઘણી ખુવારી સહન કરવી પડેલી. અટલજીએ પાક પર મૂકેલ ભરોસાની ભેંસે પાડો જણ્યો હતો, એટલે એનું ગૌરવ લેવા જેવું નથી. ગૌરવ હોવાનો હક બાંગ્લાદેશના વિશ્વકર્મા તરીકે કોંગ્રેસને ગણાય. અટલ બિહારી વાજપેયી એક માત્ર એવી પ્રતિભા છે જેના નામે ભારતી જનતા પાર્ટીને પ્રતિકૂળ સંજોગોમાં પણ પ્રજાની સહાનૂભૂતિ સાંપડી શકે. મોદીરાજ વિશે ઘણી બધી બાબતોમાં ભ્રમનિરસન થઈ જ ચૂક્યું છે. પાંચ વરસ પૂરાં થઈ જશે છતાં ‘અચ્છે દિન’ ના કોઈ અણસાર નથી. ઊલટાના બૂરા દિવસો આવ્યા છે. પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચ્યા છે. મોંઘવારી અને બેરોજગારીમાં પિસાતી પ્રજાને કયારેક રાષ્ટ્રપ્રેમના નામે તો કયારેક ધર્મના નામે ધારી દિશામાં દોરી જવાની ક્ષમતા ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં જોવા મળી છે. અયોધ્યામાં રામમંદિરનો મુદ્દો એનું જ્વલંત ઉદાહરણ છે. રથયાત્રાના મહારથી અડવાણીને સાઈડલાઈન કર્યા છતાં મોદી હજી ડાયસ પર પોતાની નજીક બેસાડે છે તેની પાછળ આ સાંપ્રદાયિક સંદર્ભ જ છે. જોકે પ્રશ્નો એટલા ગંભીર છે અને નિષ્ફળતાઓ એટલી મોટી છે કે હવે ફક્ત રૂપકડાં સૂત્રોના લોલીપોપ ચાલે એમ નથી. અલબત્ત, એ પણ સાચું કે વિપક્ષ પાસે સક્ષમ નેતૃત્વ નથી. નીતિ અને નીયતના મુદ્દે મોદીએ જે કટાક્ષ કર્યો છે તે પણ પ્રજાને ગળે ઊતરે એવો છે. લોકપ્રિયતાની રૂએ કોંગ્રેસનું ને વિપક્ષોનું ગઠબંધન હજી નીવડ્યે વખાણ જેવી હાલકડોલક સ્થિતિમાં છે. અંદરોઅંદર કેટલા વિખવાદ સરજાશે તે કલ્પી શકાય એમ છે. જયપ્રકાશ નારાયણ જેવા પ્રચંડ નેતાએ બનાવેલું ગઠબંધન ડુંગળીની ચીરીઓ માફક ચિરાઈ ગયું હતું તે કોણ નથી જાણતું ? અમિત શાહને ભારતીય જનતા પાર્ટીનો પચાસ વર્ષ લગી કોઈ વાળ વાંકો નહીં કરી શકે એમ લાગે છે. હિંદુત્વના મુદ્દે સંઘનું સમર્થન રહેશે એટલે લઘુમતી મુસ્લિમ સમુદાય પ્રત્યે આડકતરો વિરોધ દર્શાવી ભાજપ એના ‘હિંદુ રાષ્ટ્ર’ ના ગુપ્ત એજન્ડા ભણી આગળ વધવામાં જ શ્રેય માને છે. આ જ એક મહત્ત્વનો મુદ્દો છે. જે વહીવટની તમામ નિષ્ફળતા બલકે રાફેલના કથિત ભ્રષ્ટાચાર અને કમરતોડ મોંઘવારી સામે પણ ભારતીય જનતા પાર્ટી સાથે રહેવામાં જ શાણપણ છે - એવું વાતાવરણ સર્જી શકે એમ છે. ‘અજેય ભારતય અને અટલ ભારત’માં દેશને બીજા દેશોની તુલનામાં મજબૂત સ્થિતિમાં મૂકવાનો સંકેત છે, પરંતુ રૂપિયો ડૉલરની સરખામણીએ ઘસાઈ રહ્યો છે અને મોદી એને સુધારી શકે એમ નથી, એટલું તો સ્પષ્ટ થઈ ગયું છે. એસસી-એસટી એક્ટ મારફત વંચિત વોટ બેંકને અંકે કરવાનો ઉદ્દેશ પણ ખુલ્લો પડી ગયો છે. સવર્ણ સમુદાય તો સાથે જ રહેશે, એવો ભ્રમ હજી મોદી-શાહને ૨૦૨૨ સુધીમાં બધું જ રૂડુંરૂપાળું કરી દેવાનાં સપનાં બતાવી ૨૦૧૯નું મહાભારત જીતી શખવાનું બળ પ્રેરે છે.

# કલાકારો : હરતી-ફરતી યુનિવર્સિટી

‘આત્મજાત્યનું મૂર્તિમંત સ્વરુપ... ’

‘KBC શરૂ થયું ત્યારથી જ એમની શાલીનતા સ્પર્શી ગઈ છે...’

‘Very Polite, humble, nice human being’

‘એમના સંઘર્ષમાંથી બોધપાઠ લેવો જોઈએ.’

આવા અનેક વાક્યો અને વાતો ફેસબુક પર વાંચવા મળી એ વ્યક્તિત્વ એટલે સદીના મહાનાયક અમિતાભ ભચ્ચન.



**અજવાળું - અજવાળું**

**તુષાર જોશી**

લેખક - ફિલ્મ સમીક્ષક અને મિત્ર સલીલ દલાલે કેનેડાથી તેમના ફેસબુક પેજ પર હમણાં તારીખ પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિવસે એક પોસ્ટ મુકી... તેઓએ લખ્યું છે ‘પરોક્ષ રૂપ સે હમ સભી કો શિક્ષા દેનેવાલે આપકો હમ તો સાષ્ટાંગ પ્રણામ કરતે હૈ, સર જી !!’ એમના આર્ટીકલ પર વાત કરીએ તો એમને શીર્ષક આપ્યું છે. ‘KBC - શાલિનતા કી પાઠશાલા’

તેઓ લખે છે, ‘અમિતાભ બચ્ચન જી કો કૌન બનેગા કરોડપતિ કા સંચાલન કરતે દેખના એક વર્ગખંડ મેં બૈઠકર શિક્ષા પ્રાપ્ત કરને જૈસા હૈ. ૭૫ સાલ કે બચ્ચન દાદા ઉનસે કઈ સાલ છોટે કો ભી આપ કહતે હૈ...!!’ અગર કોઈ સીખના ચાહે તો ઘર બૈઠે બૈઠા, ખેલ કા મજા લેતે લેતે ભારતીય શાલીનતા ઔર ભદ્રતા કે પાઠ પઢ સકતે હૈ...

KBC ની આ દસમી સીઝન છે. જેમણે જેમને અત્યાર સુધીની સીઝન જોઈ છે. તેઓ આ શબ્દો સાથે સહમત થશે જ,. હોટ સીટ પર બેઠેલા સ્પર્ધક, એની સાથેના પરિવારજનો, ફોન કોલ્સ કે વીડિયો કોલ્સ પર ફિલ્મ લોન્ચિંગ માટે આવતા કલાકારો સાથેના વાણી-વર્તન-વ્યવહારમાં અમિતાભ બચ્ચન જે શાલિનતાથી - સહજતાથી - આદર સાથે વાત કરે છે એ એક અર્થમાં પાઠશાળા જેવું જ છે. સ્પર્ધક સાથે પ્રશ્નના જવાબ સંબંધી વાતો કરતા કરતા સ્પર્ધકના જીવનને - પોતાના અનુભવને - સાંપ્રત સમયને સરળથાથી વણી લે છે બચ્ચન સર...

મોટા ભાગના સ્પર્ધકો કહે છે કે ‘હોટ સીટ પર બેસતી વખતે અમને સતત મનમાં હોય કે ઓહ... હું અમિતાભ બચ્ચન સામે છું... કાંઈ બોલી ના શકાય એવી સ્થિતિ હોય, પરંતુ એકવાર વાતનો દોર શરૂ થાય પછી લાગે કે આપણા જ કોઈ સ્વજન સાથે આપણે વાત કરી રહ્યા છીએ.’ એમનો હાથ પકડવો - એમને ભેટવું. એમને પગે લાગવું અરે એના અસ્તિત્વની આસપાસ હોવું એ જ મોટાભાગના સ્પર્ધકો માટે સૌથી મોટું ઈનામ હોય છે. એવી અનુભૂતિ કયાંક ને કયાંક એ સ્પર્ધકો વ્યક્ત કરતા રહે છે, દર્શકો એ જુઓ પણ છે, દર્શકોને પણ અમિતાભ બચ્ચનના વાણી - વિવેક અને સહજતા સ્પર્શી જાય છે. હસી-મજાક કરતા કરતા પણ તેઓ કયારેય કોઈ સ્પર્ધકને ઉતારી પાડતા નથી, બલ્કે મોટાભાગે એને સંઘર્ષ માટે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરતા રહે છે. નાની નાની બાબતોની સંભાળ લઈને, નોંધ લઈને સ્પર્ધક સાથે પોઝીટીવ કોમ્પ્યુનિકેશન કરતા રહેવામાં બચ્ચન સર અદ્ભૂત કાર્ય કરે છે. તાજેતરમાં કયાંક વાંચ્યું હતું કે યુનિસેફે ૯ થી ૧૮ વર્ષના બાળકોને સર્વે કર્યો - પૂછ્યું કે જાણકારી મેળવવા શું જુઓ છો ? ૬૬ %એ કહ્યું મેગેઝીન, ૭૭%એ કહ્યું સોશિયલ મીડિયા, ૯૨%એ અખબાર અને ૯૬ %એ ટેલિવિઝન કહ્યું.

વાત ટેલિવિઝનની છે તો એક એવા જ સર્વેનું સ્મરણ થાય જેમાં બાળકોને પૂછાયું, કે તમારા જન્મ દિવસે તમે કોઈ સેલીબ્રીટીને ઘરે બોલાવવા ઈચ્છો? જવાબમાં સૌથી વધુ એટલે કે ૧૫% એ નામ આપ્યું હતું સદીના શહેનશાહ અમિતાભ બચ્ચનનું.

અમિનય ક્ષેત્રે એમની અપાર લોકપ્રિયતા દુનિયાએ સ્વીકારી જ છે, પરંતુ KBC માં એમનું વ્યક્તિત્વ દર્શકો સામે આવ્યું છે એમાં એમની શુદ્ધ હિન્દી ભાષા જે ભારેખમ ના લાગે, બોલચાલની હોય, અભિવ્યક્તિમાં સહજિકતા, સંબોધનમાં નાનામાં નાના માણસને આદર, દરેક સ્પર્ધકને તેઓ પોતાના જ સ્વજન લાગે એવી આત્મીયતા જેવા ગુણો સહજિકપણે નીખરી આવ્યા છે.

અદાકાર અમિતાભ બચ્ચન સદીના મહાનાયક સહિતની અનેક ઓળખ અને એવોર્ડ ધરાવે છે. પરંતુ KBC ના સંચાલક - હોસ્ટ તરીકે એમને સ્પર્ધકો - સાથી કર્મચારીઓ - ટેકની શીકનીશીયનો - દર્શકો પર પોઝીટીવ વાઈબ્રેશન આપનારી જે ઈમેજ છોડી છે એમાં એમની ગરિમા શાલિનતા અદભૂત રીતે વ્યક્ત થયા છે.

આવા કલાકારો સ્વાભાવિક રીતે એક હરતી ફરતી યુનિવર્સટી બની રહે છે. જેમની પાસેથી ઘરે બેઠા આપણે કાંઈને કાંઈ શીખી શકીએ. અને આવું થાય ત્યારે કલાસાધનાના અજવાળા રેલાય છે.

# સર્જનાત્મક વ્યક્તિત્વમાંથી બબૂચકાત્મક ઘેટાં બનાવતો સમાજ

‘ક’ કમળનો ‘ક’ એમ નહીં પરંતુ ‘ક’ ‘કબૂતર’નો ‘ક’ એમ ભણી લઈશું તો શું આભ તૂટી પડવાનું છે ? પણ ના કંઈ જુદી રીતે કશું નહીં જ શીખવાનું.

શાળા મૂળભૂત રીતે તો બાળકોની મૌલિક ક્ષમતાઓ બહાર લાવવાની નેમ સાથે ચાલતા મંદિર સમાન હોવી જોઈએ. પરંતુ ખરેખર તો શાળામાં અત્યારે બાળકોની મૌલિક શક્તિ બહાર લાવવાની નહીં પરંતુ, ગોખણપટ્ટી કરાવવાની ફેક્ટરીઓ બની રહી છે.

વ્હોટ્સ અપ પર ફોરર્વેડેલ અનામી કવિતા વાંચવામાં આવી હતી, આ અનામી રચના મર્મવેધક પંક્તિઓ માણવા જેવી છે.

જ્ઞાન માટે નિશાળે ગયો,
માસ્તર ભણાવે એમ ભણતો ગયો
નોકરી કરી ધંધા ઘણા,
પાર બધું પાડતો ગયો,
સમાજનો એક ભાગ માની
કામ બધાનું કરતો ગયો,
સમયના વહેમણાં તણાતો તણાતો,
સમય સાથે બદલાઈ ગયો,

વ્યક્તિને આ સમાજ પોતાના બનાવેલા નીતિનિયમોમાં જલ્દીથી જકડી દેવા માગે છે. રૂઢિગત પરંપરાથી અલગ કોઈ વિચારે તો આખા ગામને એક સાથે પેટમાં દુ:ખવા લાગે છે.

ગઈ કાલે જ પુત્રને શાળાએ લેવા જવાનો પ્રસંગ સાંપડ્યો, શાળાની બહારનો જે ચિતાર આપને હું સંભળાવવા જઈ રહ્યો છું, તે દેખીતી રીતે ખૂબ જ નગણ્ય બની શકે, પરંતુ તેની અસરો ચોક્કસ દૂરોગામી રીતે ભયાનક બની શકે તેણ છે, એક બીજા-ત્રીજા ધોરણમાં ભણતા બાળકને તેના મમ્મી લેવા આવ્યા હતા, અને છોકરો હોંશે-હોંશે તેમને તેમના હાથમાં રહેલું સર્ટીફિકેટ બતાવતો હતો, જે તેને ‘રાખી મેકીંગ’ કોમ્પીટીશન માટે મળ્યું હતું, મમ્મીએ છણકો કરીને કહ્યું, ‘અલ્યા પિન્ટુડા, આ બધું તો ઠીક, પણ હમણાં યુનિટ ટેસ્ટમાં કેમ ભોપાળું કાઢ્યું હતું ?’ બાળકના ચહેરા પરથી ઉત્સાહ ઊતરીને હતાશા છવાઈ જાય છે.

એક શિક્ષક તેના આચાર્યને જણાવે છે, કે તેમના વર્ગમાં તેઓ એક પ્રયોગ ખાતર બધા જ બાળકોને વર્ગખંડની બદલે બહાર ખુલ્લા મેદાનમાં વૃક્ષો, અને કુદરતી વાતાવરણની લગોલગ એક સપ્તાહ સુધી ભણાવવા માગે છે, આચાર્ય ના તો નથી પાડતા ? પરંતુ તરત જ કહે છે કે, આનાથી તેમના માર્કસ વધી જશે તેની ખાતરી તમે આપો છો ?

અને પેલા શિક્ષકનો ઉત્સાહ ઓસરી જાય છે. જે સમાજમાં સફળતાના માપદંડ સર્જનાત્મકતા અને મૌલિકતા ન હોય ત્યાં આવા નવા નવા પ્રયોગો કોઈ દિવસ ન કરાય તેવી દઢ છાપ તે શિક્ષકનાં મનમાં ઉપસી જાય છે.

આપણે શા માટે બીબાઢાળ રીત-રસમોમાં બહાર નથી આવતા ? ખરેખર તો આપણે બદા પણ પેલી સાસુ-વહુની નિરંતર ચાલતી આવતી ‘બદલો લેવાની’ પરંપરાને અનુસરી રહ્યા હોઈએ છીએ. જેમ જયારે એક વહુએ તેની સાસુમા પાસેથી જેટલી વઢ અને અગવડ ભર્યો સમય પસાર કર્યો હોય છે, તે પોતે સાસુ બને ત્યારે સ્વાભાવિક પણે જ તેનામાં ઉતરી આવે છે, અને તેની વહુ - જોડે તે પણ આવો જ અતડો વ્યવહાર કરીને પોતાની સાથે ભૂતકાળમાં થયેલા વ્યવહારને સરભર કરતી હોય છે.

આપણે પણ આપણા જીવનમાં ઘણા સર્જનાત્મક કાર્યો કરવાની હોંશ સાથે ‘ઘટમાં ઘોડા થનગને’ જેવા જોમ સાથે ‘દુનિયા કો બદલ દુગા’ જેવા અરમાન સાથે નવી - નવી ક્રિયાશીલ - પ્રયોગશીલ વાત કરતો હોય ત્યારે, માતાપિતા તરીકે આપણે તેની મૌલિકતાના ગરમાવા પર ટાઢુ પાણી રેડી દેતા હોઈએ છીએ.

અને જો ભૂલ ભૂલમાં કોઈ યુવાન સર્જનાત્મકતા સાથે વ્યવહારિક જગતમાં સામંજસ્ય રાખીને દોરડા પર ચાલવાનો કરતબ દેખાડી શકતો હોય તો, નીચે ઊભેલા તમાશો જોતા વ્યક્તિએ તે ટોળું તેની જ રાહમાં હોય છે કે, કયારે આ મૌલિક/ સર્જનાત્મક વિચારશીલ વ્યક્તિ નીચે પડશે ?



**વિચારયાત્રા**

**ડો. જય ઓઝા**

‘નવવં કરવું’, ચીલો ‘ચાતરવો’ આવા રૂઢિપ્રયોગ હવે માત્ર ગુજરાતીના પાઠ્યપુસ્તક પૂરતાં જ મર્યાદિત રહી ગયા હોય તેમ લાગે છે.

સવારે ૯ થી ૫ની નોકરી કરવી, સાંજે આવીને થાક્યા પાક્યા ટી.વી. જોવું, અને સૂઈ જવું. વારે-તહેવારો પારિવારીક પ્રસંગોમાં જઈને સામાજિક રીત-રસમ નિભાવી લેવી. બસ આ જ રીત રહી તો આપણામાં અને રોબોટમાં શું ફરક હશે ? કાં જ નહીં.

જયારે - જયારે મનમાં જુવાળ ઊઠે અને આપણા મનમાં બે વિચાર આવે, એક વિચાર તો જુસ્સાત્મક વિચારને અનુસરવાનો અને બીજો પાછા છાનામાના બેસી જઈને રૂટિન લાઈફ જીવવાનો. આપણા મનમાં જે આ સમાધાનકારી વિચાર આવતો હોય છે. તે આપણી ‘કલાર્ક પેકા કરનારી મેકૉલે શિક્ષણ પદ્ધતિ’ ને આભારી છે, તે જ સમાધાનકારી - રૂઢિગત પદ્ધતિમાં આપણે ભણ્યાં, આપણાં માતા-પિતા ભણ્યા એટલે હવે તો આપણા લોહીમાં જ તરવરાટ, જુસ્સો કે સર્જનાત્મકતા રહી નથી.

બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તે સર્જનાત્મક રહે છે, પછી જેવો તે સમાજના કહેવાતા વિધિવત્ માળખામાં ચડવાનું શરુ કરે એટલે તે સર્જનતામક વ્યક્તિ બનવાની દિશા છોડીને સિસ્ટમને ફોલો કેવી રીતે કરવી - હા જી હા કેવી રીતે કરવું, તેવી ‘બબૂચકાત્મક વ્યક્તિત્વને’ ધારણ કરવાની એરણ ચડવાનું શરુ કરી દે છે... આ પક્ષ પ્રશ્ન વર્ષોથી આપણી અને આવનારી પેઢીની મૌલિકતા ઝૂંટવી લઈને મૌખિકતા પહેરાવી દે છે. તે આ પળોજળથી છૂટકારો જેટલો જલ્દી મેળવશું, તેટલું ઝડપથી ‘યંત્રમાનવ’ બનવા અટકશું.

સૌ પ્રથમ તો આપણે પ્રણ લઈએ કે, આજથી જ આપણા મનના સર્જક વ્યક્તિત્વને ટૂંપો નહીં દઈ દઈએ, અને ખાસ તો આપણા સંતાનની મૌલિકતાને ખીલવતા તો કોઈ દિવસ નહીં અટકાવીએ.

ભેજાગેપ લાગે તેવી કોઈ પણ વાત સૂઝે પણ જો આપણને અંદરથી તે કરવાનું મન થાય તો આપણા મૌલિક - સર્જક મનને અનુસરીને તેને જ પકડીને ભેજાગેપ યુક્તિ અજમાવીએ... સફળ ન થવાય તો કોઈ વાંધો નહીં... પરંતુ અસફળતા જે મળશે તે તમારી પોતાની હશે, બીજાની ઉછઈના વિચારો અનુસરીને ભાડૂતી અસફળતા નહીં હોય...!!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ‘તોત્તો-ચાન’ની વિક્રમજનક ૬૦ લાખ ઉપરાંત નકલો ચપોચપ વેચાઈ ગઈ

અડધી પોણી સદી પહેલાની વાત છે. એક જાપાની દંપતિને ત્યાં દીકરી અવતરી. આવનારું બાળક તેમનું પ્રથમ સંતાન હતું. દંપતિના મિત્રોએ ભવિષ્ય ભાખેલું કે, એમને ત્યાં દીકરો જ આવશે. દંપતિને પણ લોકોની વાત ઉપર જબરો વિશ્વાસ બેસી ગયેલો. એમણે તો આવનારા બાળકનુ નામ ‘તોરુ’ પાડવાનું નક્કી કરી લીધું. પણ ઈશ્વરને કંઈક બીજુ જ મંજુર હતું. એમના ઘરે દીકરીના પગલાં પડ્યાં. દંપતિ થોડું નાસીપાસ થઈ ગયું. કારણ કે એ સમયે જાપાનમાં જમાનો પુરૂષપ્રધાન હતો. બન્નેને ‘તોરુ’ શબ્દ ખૂબ ગમતો. ચાઈનીઝ શબ્દ ‘તોરુ’નો અર્થ દૂર દૂર લઈ જવું એમ થાય. એટલે એમણે આ ચાઈનીઝ શબ્દને છોકરીના નામમાં ફેરવવા ‘તેત્સુ’માં નારીવાચક ‘કો’ જોડીને દીકરીનું નામ પાડ્યું ‘તેત્સુકો’. બધા આ પ્યારી છોકરીને ‘તેત્સુકો-ચાન’ કહેવા લાગ્યા. ‘ચાન’ એ ‘સાન’નું જાણીતું રૂપ છે અને તે કોઈપણ વ્યક્તિ પાછળ જોડી શકાય.

આ નાનકડી દીકરી ‘તેત્સુકો-ચાન’ શબ્દ બરાબર બોલી ન શકતી. કોઈપણ એનું નામ શું છે એમ પુછે તો એ ફટાક દઈને કહેતી ‘તોત્તો-ચાન’. આમ આ દીકરી ‘તોત્તો-ચાન’ તરીકે જ ઓળખાવા લાગી. આ છોકરી મોટી થઈને ટેલિવિઝન ઉપર ‘તેત્સુકોઝ રૂમ’ નામે દૈનિક ઈન્ટરવ્યૂ કાર્યક્રમ બનાવતી અને જાપાનની પોપ્યુલર અદાકારા થઈ ગઈ. એકવાર કોઈ મહિલા સામયિકમાં ‘તોત્તો-ચાન’નો ‘તોમોએ’ શાળા ઉપર લખેલો લેખ પ્રસિધ્ધ થયો. એ લેખ વાંચીને સામયિકના તંત્રી કાશુહિસા કાતોએ ‘તોત્તો-ચાન’ને કહ્યું આ લેખનો વિસ્તાર કરીને એક પુસ્તક લખો તો મઝા પડશે. અને પછી શરૂ થઈ ‘તોત્તો-ચાન’ પુસ્તક લખવાની અદભુત યાત્રા. આ પુસ્તક વિશ્વના મોટાભાગના શિક્ષણવિદો અને એજ્યુકેશન ક્ષેત્રે પડેલા માંધાતા અને બુદ્ધિજીવીઓએ વાંચી કાઢ્યું છે. પોણી સદી પહેલા શિક્ષણની આઝાદ પ્રણાલિ લઈને આવેલા કોબાયાશી નામના શિક્ષણવિદે ‘તોમોએ’ નામની શાળાને આકાર આપ્યો. ‘તોત્તો-ચાન’ આ શાળાનું ફરજન.

‘તોત્તો-ચાન’ વિશે આટલી પ્રાથમિક વિગતો સાથે વાત કરવી છે ‘તોત્તો-ચાન’ પુસ્તક પ્રકાશનના આખો પહોળી કરી નાખે એવા વૈશ્વિક સ્વીકારની. ‘તોત્તો-ચાન’ પુસ્તકે આખી દુનિયાના વાચકોને હલબલાવી મૂક્યા. પુસ્તકમાં વર્ણવાયેલા પ્રસંગો, એની રસગુલ્લા જેવી સરળ અને મીઠી ભાષા વિશ્વભરના લોકોને સ્પર્શી ગઈ. આ પુસ્તક પ્રકાશનના પ્રથમ ત્રણ વર્ષમાં જ ‘બેસ્ટ સેલર’ બની ગયું. પુસ્તક પ્રસિદ્ધ થયું એના પ્રથમ વર્ષમાં જ એની ૪૫ હજાર નકલો વેચાઈ ગયેલી. પુસ્તકની ૬૦ લાખ ઉપરાંત નકલો વેચાઈ છે. કોઈપણ જાપાની પુસ્તક વેચાણનો આ સર્વોત્તમ વિક્રમ છે. જાપાનના ખૂણે ખૂણામાંથી લેખિકા ઉપર પ્રતિદિન હજારો પત્રો આવવા લાગ્યા હતા. મઝાની વાત તો એ હતી કે લેખિકાને મળેલા પત્રોમાં પાંચ વર્ષથી માંડીને ૧૦૩ વર્ષના વડિલોની લાગણીઓ પત્ર સ્વરૂપે પ્રાપ્ત થઈ છે. તોત્તો-ચાન સ્વયં કહે છે કે, લાખો પત્રો ઉપરથી એ સાબિત થાય છે કે, વિશ્વના ઘણા બધા લોકો કોબાયાશીના શિક્ષણ પ્રણાલિના વિચારોને સ્વીકારી રહ્યા છે. પુસ્તકની લોકપ્રિયતાની કીર્તિ અને યશ કોબાયાશીના શિક્ષણ પ્રણાલિના વિચારોને આપવાની તેત્સુકો કુરોયાનાગી ઉર્ફે તોત્તો-ચાનની નિખાલસતા અને ખેલદિલીને દિલથી સલામ મારવાનુ મન થાય એવી વાત છે. શિક્ષણ જગત સાથે જોડાયેલા અનેક લોકો આ પુસ્તકનો અલગ અલગ દ્રષ્ટિકોણથી રચનાત્મક ઉપયોગ કરી રહ્યા છે.

‘તોત્તો-ચાન’ બેસ્ટ સેલર કેમ બન્યુ એના પાયામાં પણ કેટલાક મહત્વપૂર્ણ ખ્યાલ છે. અખબારો, ટીવી ચેનલો અને ઈન્ટરનેટના માધ્યમોએ ‘તોત્તો-ચાન’ પુસ્તકના વિષયને જબરજસ્ત પકડી લીધો. એના વિચારોને બરાબર મમળાવ્યા, સહેલાવ્યા અને બહેલાવ્યા. ‘આસાહી’ નામના એક અખબારે તો ‘તોત્તો-ચાન સિન્ડ્રોમ’ નામની કોલમ શરૂ કરી. ‘તોત્તો-ચાન’ પુસ્તક ઉપરની આ લેખમાળા પછી પુસ્તકના ગંજાવર વેચાણની કથા આલેખતું એક પુસ્તક પ્રસિદ્ધ થયું. એમાં ‘તોત્તો-ચાન’ પુસ્તકના વિક્રમજનક વેચાણની નાની નાની બાબતોનું પણ મજેદાર વિવરણ આપવામાં આવ્યું છે. કોઈ પુસ્તકના વેચાણની વાત કહેતુ કોઈ પુસ્તક લખાય અને એ પણ માર્કેટમાં ચપોચપ ઉપડે એ વિશ્વના સર્જકો, તત્ત્વચિંતકો અને વાચકો સામે આવેલો પ્રથમ કિસ્સો હતો.

કોઈ મહિલા દ્વારા લખાયેલું પુસ્તક જાપાનમાં ‘બેસ્ટ સેલર’ બન્યું હોય એની પહેલ વહેલી ઘટનાનો આખા જાપાનમાં એ સમયે ભારે રોમાંચ હતો. ‘તોત્તો-ચાન’ પુસ્તકની આટલી મોટી ચાહના ઊભી થતાં જાપાન સહિત વિશ્વભરના ઘણા પ્રોડ્યુસરો એની ઉપરથી ફિલ્મ બનાવવા માગતા હતા. કેટલાકે તો એનિમેશન ફિલ્મ અને નાટક બનાવવા પણ લેખીકા સમક્ષ દરખાસ્ત કરી. પરંતુ તોત્તો-ચાને નમ્રતાપૂર્વક આ બધી ઓફરનો ઈનકાર કર્યો. પરિણામે દુનિયાભરમાં આટલુ પોપ્યુલર પુસ્તક હોવા છતાં એના ઉપર કોઈ ફિલ્મ આજદિન સુધી નથી બની. માત્ર શિનશોઈ નિહોત સિંફની ઓરકેસ્ટ્રાને એણે સળંગ વાર્તાને લયબદ્ધ સંગીતે મઢવા અનુમતિ આપી. એની રેકોર્ડ પણ બની. રેકોર્ડ એટલે બની કે, એ જમાનામાં સીડી, યુ-ટ્યુબ, એન્ડ્રોઈડ વગેરે નવા જમાનાના રેકોડીંગના ટુલ્સનુ અસ્તિત્વ જ નહતું.



**આત્મનાદ**

**પુલક ત્રિવેદી**

pulak63@gmail.com

‘તોત્તો-ચાન’ પુસ્તકનું ડોરો બ્રિટોને અંગ્રેજી અનુવાદ કર્યો. એની પણ ચાર લાખ નકલો વેચાઈ. અંગ્રેજી અનુવાદ પ્રસિદ્ધ થયા બાદ લેખિકા તોત્તો-ચાનને અમેરિકાની અનેક ટીવી ચેનલોએ ઈન્ટરવ્યૂ લેવા માટે પડાપડી કરી મુકી. ટાઈમ જેવા પ્રતિષ્ઠિત મેગેઝીનને ‘તોત્તો-ચાન’ ઉપર એક પાનું બનાવવાની ફરજ પડી. ચાઈનીઝ અને કોરિયન ભાષામાં પણ ‘તોત્તો-ચાન’નો અનુવાદ પ્રકાશિત થયો. યુરોપના ઘણા દેશોએ પણ ‘તોત્તો-ચાન’નો અલગ અલગ ભાષામાં અનુવાદ કર્યો. મોટા ગજાની બની ચૂકેલી લેખિકા તોત્તો-ચાનને ૧૯૮૪માં યુનિસેફે સદભાવના દૂત તરીકે નિયુક્ત કરી. આ પુસ્તકનો રમણભાઈ સોનીએ ગુજરાતીમાં કરેલો અનુવાદ નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા દ્વારા પ્રકાશિત થયો છે. એનો પણ લાખો ગુજરાતી ચિંતકો અને શિક્ષણશાસ્ત્રીઓએ રસપૂર્વક લાભ લીધો છે.

તેત્સુકો કુરોયાનાગી ઉર્ફે ‘તોત્તો-ચાન’ નામની બારીએ ઊભી રહેતી નાનકડી એક તોફાની છોકરીના જીવનમાં કોબાયાશી જેવા પ્રેમાળ ગુરુનો પ્રવેશ થતાં તેના ટ્રાન્સફોર્મેશનની કથા અત્યંત હૃદયસ્પર્શી છે. નીલની શિક્ષણની આઝાદીવાળી ‘સમરહીલ’ શાળાની વાતને મેં મારા એક લેખમાં મૂકી ત્યારે મારા સર્જક મિત્ર પ્રજ્ઞાબહેને મારા હાથમાં ‘તોત્તો-ચાન’ મૂકી વાંચવા આગ્રહ કર્યો. મેં લગભગ એક બેઠકે ‘તોત્તો-ચાન’ પૂરી કરી. આખા પુસ્તકની લયબદ્ધતા અને રસાળતા હાથમાંથી તેને મૂકવા નથી દેતી. પુસ્તકનું દળ અને અર્થ અત્યંત દમદાર તો છે જ પણ આ પુસ્તકનો દુનિયાભરના લોકોએ જે હદે સ્વીકાર કર્યો એની કહાની પણ જબરજસ્ત છે. હા, એકવાત જરૂર છે કે, પુસ્તકમાં આવતા જાપાની નામો થોડા મૂંઝવણ જરૂર કરે છે, પણ એ સ્વભાવિક બાબત છે કારણ કે જે દેશની વાત હોય એ દેશના જ નામ. જોકે એનાથી પુસ્તકના મુળ હાર્દ કે રસતત્વમાં લેશ માત્ર ફરક પડતો નથી.

જે વાતમાં દમ હોય એને દુનિયાની કોઈ તાકાત રોકી શકતી નથી. જે સોનું છે એને કાટ લાગતો જ નથી. એટલે જ તો ‘તોત્તો-ચાન’ જેવા પુસ્તકો લોકોના હૃદયમાં સૌથી ઉપર સ્થાન મેળવી શકે છે. ગઈકાલની નાનકડી, તોફાની, એક શાળામાંથી કાઢી મૂકેલી ‘તોત્તો-ચાન’ આજની તેત્સુકો કુરોયાનાગી નામે આખા જાપાનમાં ટેલિવિઝનની દમદાર અદાકારા તરીકે પ્રસિદ્ધ છે. એના જીવનની કથા કહેતા લોકોની જીભ સુકાતી નથી.

**ધબકાર :**
જીવનમાં ‘રિહર્સલ’ને નહીં પરફોર્મન્સને જ સ્થાન હોય છે.
**(વોટ્સએપ મેસેજ)**